જરુરી.

ક્રમાંક:એચઆરસી- ૧૦૯૫/ જીઓઆઈ/૫૫/ન,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર
સચિવાલય,ગાંધીનગર,
તા:-૨૯-૧૦-૯૮

પ્રતિ,
સર્વે પોલીસ કમિશનરશ્રીઓ,
સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,

વિષય:- પોલીસ/ જેલ કસ્ટડીમાં થતાં મૃત્યુના બનાવો અંગેની વિગતો મોકલવા બાબતે.

શ્રીમાન,

માનવ અધિકાર અંગેને લગતા પોલીસ કસ્ટડીમાં અને જેલ કસ્ટડીમા થયેલ મૃત્યુના બનાવો અંગેની વિડીયો ફિલ્મ ઉતારી તેની કેસેટ, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ અને ઈ-કવેસ્ટ પંચનામાની નકલ સેક્રેટરી શ્રી, નેશનલ હયુમન રાઈટસ કમિશન, સરદાર પટેલ ભવન, સંસદમાર્ગ, નવી દિલ્હી, ૧૧૦૦૦૧ ને બારોબાર મોકલી તેની નકલ સચિવશ્રી ગૃહ વિભાગને મોકલવા આ વિભાગના સરખા ક્રમાંકના તા. ૨૨-૭-૯૬ ના ઠરાવથી સુચનાઓ બહાર પાડેલ છે, અને તે અંગે આ વિભાગના તા. ૧૫-૭-૯૭ ના પરિપત્ર ક્રમાંક:એચઆરસી-૧૦૯૪-જીઓઆઈ- ૧૧૨-ન થી પણ પુન:ધ્યાન દોરવામાં આવેલ છે, આમ છતાં સરકારની આ સુચનાઓનો ચુસ્તપણે અમલ થતો નથી તેવું સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે.

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી આણંદે તાજેતરના એક કિસ્સામાં આવી માહિતી તા. ૧૦-૯-૯૮ ના પત્રથી નેશનલ હયુમન રાઈટસ કમિશન,નવી દિલ્હીને મોકલી છે. જેની નકલ આપની જાણ સારુ આ સાથે મોકલી છે.તેમાં જણાવ્યા મુજબની વિગતો ધ્યાને લઈ તા.૧-૯-૯૮ પછી જે તે જીલ્લા/ શહેરમાં પોલીસ કસ્ટડી/જેલ કસ્ટડીમાં બનેલ મૃત્યુના બનાવ અંગે વિગતવાર અહેવાલ સાથે વિડીયો ફિલ્મની કેસેટ,પોસ્ટમોર્ટમ રિપોર્ટ, ઈ-કવેસ્ટ પંચનામાની ટાઈપ કરેલ પ્રમાણિત નકલ તથા આ સાથે મોકલેલ ફોરમેટ મુજબની વિગત નેશનલ હુમન રાઈટસ કમિશન નવી દિલ્હીને મોકલી તેની નકલ (વિડીયો ફિલ્મ-સિવાય) સચિવશ્રી ગૃહ વિભાગ,ન- શાખા સચિવાલય,ગાંધીનગરને મોકલી આપવા વિનંતી છે.

...૨...

૩. હવે પછી જે તે જિલ્લા/ શહેરમાં પોલીસ /જેલ કસ્ટડીમાં મૃત્યુનો બનાવ બન્યા પછી ઉપર મુજબની વિગતો દિન-૧૦ માં અચૂક નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનને મળી રહે, તે રીતે મોકલી આપવાની વ્યવસ્થા કરવા અને તેની ખાત્રી કરવા આથી સુચના આપવામાં આવે છે. આ સુચનાનો ચુસ્તપણે અમલ થાય તે અંગે તકેદારી લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(કે.ડી. મહિડા)
અધિક સચિવ,
ગૃહ વિભાગ.

બિડાણ: ઉપર મુજબ.

નકલ રવાના:-

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક પોલીસ મહાનિદેશક અને ઇન્સ્પેકટર જનરલ ઓફ પ્રિઝન્સ,
જેલ ભવન, કેશવનગર, અમદાવાદ- ૩૮૦ ૦૨૭.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.(ક્રા.અને રે.)
ગુજરાત રાજ્ય, અમદાવાદ.
મદદનીશ સિલેકટ ફાઇલ.
શાખા સિલેકટ ફાઇલ.